"એક પગલું પ્રગતિશીલ પેરન્ટીંગ તરફ..."

# પેરન્ટોલોજી

## તું મારું સપનું છે બેટા...

કોઈને લાગતો મમ્મી જેવો, કોઈને પપ્પા જેવો,
અમે ઈચ્છીએ, બનજે બેટા, તું બસ, તારા જેવો.

તને ગમે જે સપનું, એને કરજે તું સાકાર,
અમારી ઈચ્છાઓનો તારા પર ના કોઈ ભાર.

તારા પિતા તરીકે જયારે રહે કોઈ ઓળખાવી,
હરખથી મારું હૈયું છલકે, હોઠ રહે મલકાઈ.

તું મારું સપનું છે બેટા, તું મારી સચ્ચાઈ,
તું આવ્યો ને દુનિયામાં મારી ઓળખ બદલાઈ.

– તુષાર શુકલ



પ્રિય પુત્ર/પુત્રી,

આ પત્ર હું તને ત્રણ કારણોસર લખું છું... !

જીવન, નસીબ અને મૃત્યુ કોઈ જાણી શકયું નથી.તો અમુક વાત જરૂરી છે કે વહેલામાં વહેલી જ કહી દેવાય..!

હું તારો પિતા છું અને આવી વાત જો હું નહીં કહું, તો તને કોઈ જ નહીં કહી શકે...!

આ બધી વાત હું મારા અનુભવથી કહું છું અને જો હું નહીં કહું, તો પણ તું તારા જીવનમાં શીખીશ જ..પણ, ત્યારે તને વધુ તકલીફ પડશે અને કદાચ સમય પણ નહીં હોય... જીવન સારું ને શાંતિથી જીવવા આટલું જરૂર કરજે !

૧. જો કોઈ તારી સાથે સારો વ્યવહાર ન કરે, તો મનમાં દુઃખ ના લાવીશ. તારી સાથે સારી રીતે વર્તવાની ફરજ ફકત મારી અને તારી મમ્મીની જ છે. બાકી દુનિયાનો કોઈપણ વ્યકિત તને દુઃખ આપી શકે છે. તો એના માટે માનસિક રીતે હંમેશા તૈયાર જ રહેજે. કોઈ પણ તારી સાથે સારું વર્તન કરે, તો એનો આભાર વ્યકત કરજે.

૨. દુનિયામાં કોઈપણ એવી વસ્તુ નથી કે જેના વગર જીવી ના શકાય. આ વાત તને ખાસ કામ ત્યારે લાગશે, જયારે તને કોઈ તરછોડી દેશે કે તારી પસંદની વ્યકિત કે વસ્તુ તને નહીં મળે. જિંદગી ચાલ્યા જ કરે છે અને બધી જ વસ્તુઓ કે વ્યકિતઓ વગર ખુશ રહેતા શીખી લેજે..!

૩. જિંદગી ટૂંકી છે. જો તું આજનો દિવસ વેડફીશ, તો કાલે તને જિંદગી પૂરી થતી લાગશે. તો જિંદગી ચાલ્યા જ કરે છે અને બધી જ વસ્તુઓ કે વ્યકિતઓ વગર ખુશ રહેતા શીખી લેજે..!

૪. અભ્યાસમાં ઘણા નબળા માણસો પણ જીવનમાં સફળ બન્યા છે પણ એનો મતલબ એ નથી કે અભણ કે અભ્યાસમાં નબળો માણસ સફળ જ થાય. શિક્ષણથી વધુ કશું જ નથી. ભણવાના સમયે ધગશથી ભણજે.

૫. હું તને આખી જિંદગી સહારો આપી શકીશ કે નહીં, તે પણ મને ખબર નથી. મારી ફરજ તને મોટો કરીને, સારું ભણતર આપીને પૂરી થાય છે. એ પછી તું દુનિયાની મોંઘી ગાડીઓમાં ફરીશ કે પછી સરકારી બસમાં ફરીશ એ તારી મહેનત અને આવડત ઉપર નિર્ભર છે.

૬. તું તારું વચન હંમેશા પાળજે. પણ બીજા એમનું વચન પાળશે જ એવી આશા ન રાખતો. તું સારું કરજે.પણ બીજા સારું જ કરશે એવી આશા પણ ન રાખતો. જો આ વાત તને વહેલી સમજાઈ જશે, તો તારા જીવનના મોટા ભાગના દુઃખ દૂર થઈ જશે.

૭. જીવન ખૂબ જ ટૂંકું છે અને કાળનો કોઈ જ ભરોસો નથી. તો જેટલો વધુ સમય આપણે સાથે વિતાવી લઈએ. કારણ કે આવતો જન્મ તો આવશે જ. પણ એ જન્મમાં આપણે મળશું કે નહીં તે ખબર નથી. તો આ જન્મમાં વધુમાં વધુ સમય પરિવાર સાથે વિતાવજે.

# બાળકની સફળતાની ચાવી માતાપિતાનાં હાથમાં...

મહદ્અંશે માતાપિતા જ બાળકને સફળ કે નિષ્ફળ બનાવી શકે છે. માતાપિતાનો અભિગમ, માનસિકતા, સમજ, કેળવણી, જાગૃતિ, અનૂકુલન અને બાળકને કેળવવાની આવડત બાળકની સફળતા કે નિષ્ફળતા માટે સૌથી મહત્ત્વના છે.

જે માતાપિતા બાળકમાં છૂપાયેલી શક્તિઓને શોધવા પ્રયત્ન કરે છે અને તે પ્રમાણે તેને તક આપે છે તે સંજોગોમાં બાળકની સફળતાની શકયતા વધી જાય છે.

જે માતાપિતા પોતાનાં સંતાનોને હંમેશાં હકારાત્મક અભિગમ શીખવે છે અને તેને સતત અનુમોદન આપે છે તેવાં સંતાનો મહદ્અંશે સફળ થાય છે.

જયારે બાળક શીખવામાં નિષ્ફળ જાય ત્યારે ધીરજ કે સંયમ ગુમાવ્યા વગર તેની સાથે ટકી રહે અને નિષ્ફળતામાંથી કેમ ઊભા થવું તે શીખી શકે તેવાં બાળકો મહદ્અંશે સફળ થાય છે.

પોતાનું સંતાન ઈશ્વરનું એક અનોખું સર્જન છે અને તે ઈશ્વરે અલગથી ઘડયું છે તેવું સમજી શકે તેવા માતાપિતાનાં બાળક સ્પર્ધાના માહોલમાં ટકી શકે છે.

જે માતાપિતા પરીક્ષામાં પરિણામોથી નહીં પણ તેના આત્મવિશ્વાસ અને સમજને મૂલવતા શીખી લે તેવાં બાળકોને સફળતામાં સહજતા રહે છે.

માતાપિતા જાણે કે તેમનું સંતાન સલાહ કે શિખામણથી નહીં પરંતુ તેમના વર્તન, વિચાર, ભાષા અને સંસ્કારોમાંથી જ શીખવાનું છે. તો આ પ્રક્રિયા સહજ બને છે.

જે માતાપિતા બાળકના શૈક્ષણિક વિકાસ અને કૌશલ્ય વિકાસ પાછળ વપરાતા પૈસા ખર્ચ નથી પરંતુ રોકાણ છે અને તે યોગ્ય રીતે થવું જોઈએ તેવુ સમજે તો તેના વિકાસની તક વધી જાય છે.

શિક્ષણ તે તવંગર, સુખી કે સમૃદ્ધ ઘરનો ઈજારો નથી પરંતુ દરેક વ્યકિતને મળતી અણમોલ તક છે. તેવી સમજ બાળકના વિકાસમાં મદદરૂપ થાય છે.

પ્રામાણિક, સાત્વિક અને વાસ્તવિક સાતત્યમાં જીવતા પરિવારોમાં બાળકની સફળતાની તકો વધુ રહેલી હોય છે.

જયાં બાળકે કંઈક શીખવા માટે થોડો સંઘર્ષ કરવો પડે તેની જાતે જવાબદારી ઉપાડવાની તક મળે અને હર ક્ષણે મદદ કરનાર ન હોય તેવા સંજોગોમાં તે બાળકની સફળતાની શકયતાઓ વધારે હોય છે.

જે બાળકોને યોગ્ય સમયે પ્રોત્સાહન મળે તેમની ઉપલબ્ધિઓને સ્વીકારવામાં આવે અને તેનો અહેસાસ કરાવવામાં આવે તો તે બાળકો તેની સફળતાઓને પુનરાવર્તિત કરતા હોય છે.

જે બાળકો જીવનના સત્ય એ તથ્ય નજીકથી જોતા શીખે, સ્વીકારતા શીખે તો તેવાં બાળકો મુશ્કેલ પરિસ્થિતિમાં પણ આગળ વધતા હોય છે.

બાળકનાં આનુવાંશિક લક્ષણો, મિત્રો, શાળા, શિક્ષકો, પરિસ્થિતિ અને સુખદ કે દુઃખદ અનુભવો તેને સફળ કે નિષ્ફળ બનાવવામાં મહત્વનો ભાગ ભજવે છે.

મહદ્અંશે નબળા પરિણામો લાવતા સંતાનોના માતાપિતા જીવનની સફળતા પ્રત્યે શંકાસ્પદ બની જતા હોય અને એવું માનતા હોય કે માત્ર ઉત્તમ પરિણામ જ ઉત્તમ જીવનનો આધાર છે અને પછી પરિણામને આધારે બાળકની નકારાત્મક માવજત કરતા હોય તો બાળકો નિષ્ફળ જતા હોય છે.

જીવનની સફળતા માટે પરિણામોનું મહત્વ ૨૫% છે. પરંતુ આત્મવિશ્વાસ, નીડરતા, સહનશીલતા, સૌમ્યતા અને સહજતા જેવા મૂલ્યોનું મહત્વ ૧૦૦% છે. તે માતાપિતાએ સમજવું રહ્યું.



# દરેક વાલીએ વાંચવા જેવી વાર્તા...

ઍન્થોની ડી'મેલોની એક સુંદર વાર્તા છે. એક વાર એક કુટુંબ રેસ્ટોરન્ટમાં જમવા ગયું. વેઈટ્રેસે આવીને સૌથી પહેલા બધા પુખ્ત લોકોનો ઓર્ડર લીધો. દાદાનો, દાદીનો, પપ્પાનો, મમ્મીનો. પછી તેણે એક સાત વર્ષના બાળકને પૂછ્યું, 'તમે શું લેશો?'

બાળકે ખુશ થઈને જવાબ આપ્યો, 'હું ફ્રૅન્ચ ફ્રાયઝ ખાઈશ.'

વેઈટ્રેસ આ બાળકનો ઑર્ડર લખે, એ પહેલા જ તેની મમ્મીએ કહ્યું, 'જરાય નહીં. કોઈ ફ્રૅન્ચ ફ્રાયઝ નહીં ખાય.' પછી મમ્મીએ વેઈટ્રેસને કહ્યું,'તમે એક કામ કરો, એને બાફેલા બટેટા અને ગાજરનું સલાડ લાવી આપો.'

બાળકની મમ્મીને ઈગ્નોર કરીને વેઈટ્રેસે બાળકને પૂછ્યું, 'તમે ફ્રૅન્ચ ફ્રાયઝ શેની સાથે ખાશો? ટોમેટો કેચ-અપ કે સ્પેશિયલ ચટણી?'

બાળકે ખુશ થઈને કહ્યું, 'ટોમેટો કેચ-અપ.'

'હમણાં લઈને આવું હોં બેટા!' એટલું બોલીને વેઈટ્રેસ અંદર રસોડામાં ચાલી ગઈ.

થોડી વાર સુધી ટેબલ પર સન્નાટો છવાયેલો રહ્યો. થોડી વાર પછી બાળકે ત્યાં હાજર રહેલા દરેકની સામે કોન્ફિડન્સથી જોયું અને કહ્યું. 'એને ખબર નથી લાગતી કે હું બાળક છું.'

આ વાકય બાળકે એનાં મા-બાપને મારેલો અદૃશ્ય તમાચો હતો. એક બાળક સાથે કેવું વર્તન થવું જોઈએ? એ ફક્ત બે મિનિટની અંદર એક વેઈટ્રેસ તેમને આવીને શીખવાડી ગઈ. મોંઘા કપડાં પહેરવાથી, ફાંકડું અંગ્રેજી બોલવાથી, ટીપ-ટોપ તૈયાર થવાથી કે બ્રાન્ડેડ આઈટેમ્સ વાપરવાથી કોઈ મમ્મી 'મહાન' નથી બનતી. મમ્મી મહાન બનતી હોય છે મૂલ્યોથી, એના સદ્ગુણોથી, બાળક સાથેના વર્તનથી.

તમે ગમે તેટલા સમૃદ્ધ હોવ પણ જો તમે એક બાળકને આદર ન આપી શકો, તો તમારી જેટલું ગરીબ બીજું કોઈ નથી. એ ત્રણ વર્ષનું હોય, પાંચ વર્ષનું કે પંદર વર્ષનું. દરેક બાળક આદર અને સન્માનને પાત્ર છે. એમના હિસ્સાનું અને એમના હકનું સન્માન એમને મળવું જ જોઈએ. જો આપણે એ નથી આપી શકતા, તો આપણે એક એવી વ્યકિત ઉછેરી રહ્યા છીએ જે આપણને પણ ભવિષ્યમાં આવી જ રીતે ટ્રીટ કરશે.

બાળકને યોગ્ય સન્માન ન આપીને, આપણે પોતાનો જ અનાદર ઉછેરી રહ્યા હોઈએ છીએ.

જો તમારા ઘરમાં કે તમારી ચર્ચાઓમાં તમારા બાળકના અભિપ્રાયનું કોઈ મહત્વ નથી,તો બિલીવ મી એ સમય બહુ દૂર નહીં હોય. જયારે તમે વૃદ્ધ થઈને એક ઓરડામાં પડયા હશો અને ફરિયાદ કરતા હશો કે 'મારી વાત તો કોઈ સાંભળતું જ નથી.'

તમે જે આદર વાવશો એ જ ઊગશે. હું એમ નથી કહેતો કે દરેક અગત્યની ચર્ચા કે મહત્વના મુદ્દામાં બાળકોના અભિપ્રાય પર અમલ કરવો જોઈએ પણ તેમને પૂછો તો ખરાં! 'બેટા, તને શું લાગે છે?' ફકત એટલું જ પૂછવાથી આપણે બાળકને તેના ગજા બહારનું માન આપી દઈએ છીએ.

'બેટા, તને શું લાગે છે? આપણે શું કરવું જોઈએ?' એક વાર એટલું પૂછી તો જુઓ. બાળક તમારું આજીવન ફેન બની જશે. એ પોતાનો જીવ ન્યોછાવર કરશે તમારા ઉપર.

એના અભિપ્રાય કે વિચાર પર અમલ થવો જ જોઈએ એ જરૂરી નથી. મહત્વની વાત બાળકનો અભિપ્રાય સાંભળવાની છે. તેને એવું લાગશે કે તે પણ કુટુંબનું એક અગત્યનું સભ્ય છે. તે પણ આ કુટુંબ અને ઘરનો એક ભાગ છે. કુટુંબને તેની જરૂર છે. આવી નાની નાની બાબતો બાળકને પોતાનું મહત્વ ફિલ કરાવે છે, જે ખૂબ જરૂરી હોય છે.

એટલું જ નહીં, બાળક પોતાના અભિપ્રાય માટે પોતાની જાતને જવાબદાર ગણવા લાગશે. પોતે કરેલા સૂચનની જવાબદારી લેશે. એનું વર્તન બદલવા લાગશે. એનો આત્મ-વિશ્વાસ અને સ્વમાન, શેરમાર્કેટમાં આવેલી તેજી પછીના સેન્સેકસની જેમ ઊંચો જવા લાગશે. એ પોતાને એક મહત્વનું અંગ ગણવા લાગશે. એને લાગશે કે આ દુનિયાને મારી જરૂર છે. મમ્મી-પપ્પાને મારી જરૂર છે. મારું મહત્વ છે.

**હંમેશા યાદ રાખીએ. આપણે બાળકને જે કંઈપણ આપીએ છીએ, બાળક આપણને એનું બમણું કરીને આપશે.**

જો આપણે એને પ્રેમ આપીએ છીએ, તો એ આપણને અનેકગણો વધારે પ્રેમ કરશે.

જો આપણે એને ભરોસો આપીએ છીએ, તો એ પણ આપણને ડબલ આપશે.

જો આપણે એને આપેલું પ્રૉમિસ પાળીએ છીએ, તો એ પણ કયારેય પ્રૉમિસ નહીં તોડે.

જો આપણે એને સમય આપીએ છીએ, તો આપણી વૃદ્ધાવસ્થામાં એ પોતાનો નોકરી-ધંધો છોડીને આપણી બાજુમાં બેસશે.

જો આપણે એને ભાવનાત્મક લગાવ આપીએ છીએ, તો એ ભવિષ્યમાં આપણાથી દૂર કયાંય નહીં જાય. એ બમણા લગાવથી આપણી સાથે જોડાયેલું રહેશે.

પણ જો આપણે એને કડવાશ, નિરાશા, ગુસ્સો, અનાદર અને તિરસ્કાર આપીશું, તો એ પણ આપણને બમણી માત્રામાં પાછું મળશે. નકકી આપણે કરવાનું છે કે આપણે શું વાવવું છે? આપણે અનાદર અને અવમૂલન ઉછેરવું છે કે દેશનું ભવિષ્ય?

બાળક એ બીજું કશું નથી પણ સંવેદના અને લાગણીઓ બનાવતી ફેકટરી છે. જે સંવેદના કે લાગણી આપણે તેમનામાં રોપીશું, ડબલ શિફટમાં કામ કરીને બાળક આપણને એ જ લાગણી અનેકગણી કરી આપશે. બાળકોમાં આપણે રોપેલી લાગણીઓના ફકત ગુણાકાર જ થાય છે, એમાં બાદબાકી કે ભાગાકાર કયારેય થતાં નથી.



મારું નામ નચિકેતા છે, હું કથાનું કાલ્પનિક પાત્ર છું અને રીટાયર્ડ શિક્ષક છું. મારે બે સંતાનો છે; પૃથા અને માનસ. મેં અને મારી પત્નીએ આ બાળકો સાથે જે થોડી ઘણી પ્રવૃતિઓ કરી તેનો પરિચય આપવાનો અહીં પ્રયત્ન કરાયો છે.

માણસની મૂળભૂત જરૂરિયાતમાં રોટી, કપડાં અને મકાનની સાથે પ્રેમ પણ છે. આમ તો દરેક માણસ પોતાની જાતે જ તેનો અનુભવ કરીને પ્રેમ કરવાનું શીખે છે. પણ, બાળકમાં સૌને પ્રેમ કરવાની ભાવના કેળવાય એવી પ્રવૃતિઓ શોધી કાઢીએ તો સૌનું શુભ થાય ! આધુનિક વિજ્ઞાન પ્રેમને સારું સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવાનું રામબાણ ઈલાજ કહે છે.

**૧. નમ્ર–ભાષા :**

પ્રથા મોટી અને માનસ નાનો. અમે હંમેશા એવું ધ્યાન રાખેલું કે અમે તેમને અનહદ પ્રેમ અને સન્માન આપીએ.

બાળક જે ભાષા સાંભળે છે તેની ખૂબ મોટી અસર તેના સમગ્ર વ્યકિતત્વ પર પડે છે અને આગળ જતાં તેના અન્ય (ખાસ કરીને જીવનસાથી) સાથેના સબંધો આનાથી ઘડાય છે.

બાળકોને કોઈપણ કામ કરવા માટેની સૂચના આપીએ ત્યારે કારણ કે આપણે તેના કરતાં મોટા છીએ એટલે એમણે એ કામ કરવાનું છે એવી ભાષાનો ઉપયોગ કરીએ ત્યારે બાળક અજાણતાં જ એવું શીખે છે કે આધિપત્ય દ્વારા કોઈપણ કામ કરાવી શકાય. એટલે એમની સાથે વાત કરતી વખતે અમે નીચેના વાકયો વપરાતાં અને હજી એમ જ છે:

- તમે આ કામ કરી આપશો? પ્લીઝ!
- આ કામ કરવામાં તમે મારી મદદ કરશો?
- તમે આ નાનકડી મદદ કરશો તો મને ખૂબ ગમશે.

આવી નમ્ર ભાષા, પ્રેમ આપવા અને પામવા માટેની એક ચાવી છે. અમે ઘરના દરેક સભ્યો આવી ભાષાનો ઉપયોગ કરીએ છીએ. કેમ કે જો અમુક સભ્યો આવું ન કરે તો બાળકમાં પ્રેમ અને નમ્રતાનાં મૂલ્યોનો સંઘર્ષ ઊભો થઈ શકે. મમ્મી અમુક ભાષાનો ઉપયોગ કરે અને પપ્પા જુદી ભાષા વાપરે તો સહજ રીતે બાળક એમાંથી આધિપત્યવાળી ભાષા પસંદ કરશે જે તેને સરવાળે પ્રેમાળ બનાવવામાં અડચણરૂપ બની શકે.

**૨. આપવું–વહેંચવું**

પ્રેમમાં સામેની વ્યકિતનો સ્વીકાર અનિવાર્ય છે; જો સ્વીકાર ન થાય તો એ સંબંધ માત્ર ઔપચારિક બને છે. એટલે 'આપવાના અને વહેંચવાના' જે પ્રસંગો આવ્યા તેમાં અમે બંને બાળકોને જવાબદારી આપી. જેથી આજે 'સહાનુભૂતિ' અને 'સમત્વ' જેવાં ઉચ્ચ મૂલ્યો તેઓમાં જોઈ શકાય છે.

- ફૂલ–છોડને પાણી પાવાનું કામ અમે સાથે કરતાં.
- ગાય કે કૂતરાને રોજ રોટલી આપવા માનસ જાય.
- કોઈ ભિક્ષુકને કે સાધુ સંતને કશુંક આપવાનું થાય ત્યારે પૃથા જ આપે એવું ગોઠવાઈ ગયેલું.

જુએ છે બધા, પણ શું બધાને દેખાય છે? અવલોકન કરવું એટલે વસ્તુ કે ઘટનાના શકય તેટલાં પાસાંઓને નીરખવા અને તેમાં રહેલાં અદ્રશ્ય આંતરસંબંધોને પામવા. દા.ત., ચંદ્ર અને દરિયાની ભરતી અને ઓટ વચ્ચે જે અદ્રશ્ય સંબંધ છે એ કેવા અવલોકન દ્વારા ખબર પડે? બાળકમાં આવલોકનપ્રેમ કેળવાય તો તેને ધૈર્ય અને સંવાદિતા પણ સરળતાથી સમજાઈ જાય.

**૧. તમને શું દેખાય છે?**

અમે બાળકો સાથે ગાર્ડન, જંગલ, વાડી, શોપિંગ મોલ કે પછી મુસાફરીમાં જતાં ત્યારેઃ

- એની મમ્મી પૂછતી કે તેમને લીલા રંગની કેટલી વસ્તુઓ દેખાય છે. બાળકો એની યાદી બનાવતા અથવા તો મૌખિક ગણતાં. પછી હું એમાં કંઈક ઉમેરીને તેમને કહેતો કે શું તમે આ જોયું?
- અમારી વાડીએ કોઈ પક્ષી માળો બાંધવાનું શરૂ કરે ત્યારથી લઈને માળો બની જાય ત્યાં સુધીની પ્રક્રિયાના બંને બાળકો ફોટા પાડતાં (દા.ત., દર કલાકે એક ફોટો) અથવા નોંધ કરતાં.
- માનસ નોંધ કરવાનું વધુ પસંદ કરતો. આ પ્રક્રિયા દરમિયાન જે જે બાબતો વિશિષ્ટ લાગે તેની અમે ચર્ચા કરતાં.

**૨. બિલોરી કાચ :**

દરેક બાળક પાસે એક બિલોરી કાચ કાયમ હોવો જોઈએ. એના ખિસ્સામાં મૂકી રાખવો.

- મને અને માનસને નાનાં–નાનાં જીવ જંતુઓના પગ ગણવાનું અથવા તેમની શરીર રચના જોવાની બહુ મજા પડતી.
- અમે લોકો બિલોરી કાચ વડે અમે પસંદ કરેલી એક–એક કીડીનું અડધો કલાકનું અવલોકન કરેલું અને એક–બીજાને જે જે દેખાયું હોય તેની ખૂબ વાતો કરી. પછી આગળ જતાં માનસના પાઠયપુસ્તકમાં પણ એ ભણવામાં આવ્યું કે કીડીઓ ખેતી કરતી હોય છે!

**૩. વિશાળ અને અસીમ :**

- જે પ્રવૃત્તિમાં એક સમયે બિલોરી કાચ હતો તેમાં આગળ જતા દૂરબીન અને ટેલિસ્કોપ ઉમેરયાં. આકાશ–દર્શન માટે અમે ગુજરાત બહારના અનેક વિજ્ઞાન કેન્દ્રો અને રસિકોની મુલાકાતો લીધેલી. એ વખતે તો પૃથાને 'મારે તો બસ એસ્ટ્રોનટ જ બનવું છે' એવું રટણ લાગેલું.

અમારો એક સાદો નિયમ એવો રહ્યો છે કે ૬ મહિનામાં એક વખત કોઈ એક પર્વત ચડવાનો અને દરિયે ફરવા જવાનું, એનો હેતુ અસીમતાનું દર્શન અને અહંકારનું પતન કરવાનો હતો.

પુસ્તક : સ્કુલ અને ટયુશન સિવાયની કેળવણી લેખક : વિશાલ ભાદાણી


VASISHTHA GROUP OF SCHOOL

શ્રી વસિષ્ઠ વિદ્યાલય, વાવ.
ગુજરાતી માધ્યમ / દ્વિભાષી માધ્યમ
જુ.કે.જી. થી ધો. ૧૨ સાયન્સ/કોમર્સ
☎ 02621 255551/3 ✆ 91734 02809 / 91733 15555
www.vasishtha.net

વસિષ્ઠ જેનેસિસ સ્કૂલ, બાબેન.
ગુજરાતી માધ્યમ
ધો. ૧ થી ૧૨ સાયન્સ/કોમર્સ
☎ 02622 225542/43 ✆ 91576 44555
www.vasishthagensisschool.net